JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
iSC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
TATA SHAKTEE GC SHEET
ALEVATE
PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ બીજ શુક્રવાર ૧૪ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૦

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# સંસદનું ચોમાસું સત્ર હોબાળામાં હોમાયું

**વિપક્ષના** ભારે હોબાળા અને વિરોધ પ્રદર્શનો વચ્ચે આખુ સત્ર લગભગ ધોવાઇ ગયું

**૧૨માંથી** ૧૦ ખરડા ચર્ચા વિના પસાર કરી દેવાયા, માત્ર એક ખરડા પર બંને ગૃહોમાં ચર્ચા થઇ

**લોકસભામાં** ૧૯ ટકા, જ્યારે રાજ્યસભામાં ૩૯ ટકા કામગીરી નોંધાઇ

**નવી દિલ્હી, તા. 13 (PTI):** સંસદનું ચોમાસુ સત્ર મુખ્યત્વે ચર્ચાઓની દ્રષ્ટિએ લગભગ ધોવાઈ ગયું હતું, જેમાં ભારે વિરોધ પ્રદર્શનો અને સૂત્રોચ્ચારોને કારણે બંને ગૃહોની કામગીરી ઘટીને બહુ-વર્ષીય નીચલા સ્તરે પહોંચી ગઈ હતી.

સરકારે આનો સંપૂર્ણ દોષ વિપક્ષ, ખાસ કરીને કોંગ્રેસ પર મઢ્યો હતો, જ્યારે બીજી તરફ વિપક્ષે સમગ્ર સત્ર દરમિયાન સર્જાયેલા આ ગતિરોધ માટે શાસક પક્ષને જવાબદાર ઠેરવ્યો હતો અને કહ્યું હતું કે આ "અભૂતપૂર્વ" છે કે વડાપ્રધાન કે ગૃહમંત્રી બંનેમાંથી કોઈ એક પણ વખત ગૃહની કાર્યવાહીમાં હાજર રહ્યા નહોતા. ગુરુવારે સમાપ્ત થયેલા આ ૨૫ દિવસના સત્ર દરમિયાન લોકસભામાં ૧૯ ટકા, જ્યારે રાજ્યસભામાં ૩૯ ટકા કામગીરી નોંધાઈ હતી. લોકસભાની બેઠક ગુરુવારે અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવી હતી, જેની સાથે જ ભારે હોબાળાભર્યા ચોમાસુ સત્રનો અંત આવ્યો હતો. આ સત્ર દરમિયાન વિદ્યાર્થી આંદોલનકારીઓ પર પોલીસ કાર્યવાહી અને રામ મંદિરના દાનમાં કથિત ચોરીના મુદ્દે વિપક્ષ દ્વારા સતત વિરોધ પ્રદર્શન જોવા મળ્યા હતા, તેમજ કેટલાક મહત્વપૂર્ણ બિલો ચર્ચા વિના પસાર કરવામાં આવ્યા હતા. વિપક્ષના વિરોધને કારણે ગૃહ એક પણ દિવસ પ્રશ્નકાળ પૂર્ણ કરી શક્યું ન હતું, તેમ છતાં ૧૨ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા, જેમાં રાજ્યસભા દ્વારા અગાઉ મંજૂર કરાયેલા બે વિધેયકોનો પણ સમાવેશ થાય છે. આ ૧૨ વિધેયકોમાંથી માત્ર બે વિધેયકો પર જ ચર્ચા થઈ શકી હતી, જ્યારે બાકીના ચર્ચા વિના પસાર કરવામાં આવ્યા હતા.

આ સત્ર ૨૦ જુલાઈએ શરૂ થયું હતું અને શરૂઆતમાં NEET પેપર લીક મુદ્દે તથા અયોધ્યામાં રામ મંદિરના દાનમાં કથિત ચોરીને લઈને વિપક્ષ દ્વારા જોરદાર વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા હતા. બાદમાં વિપક્ષે ૨૦ જુલાઈએ અહીં જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ લાઠીચાર્જ અંગે અમિત શાહ પાસે જવાબ માંગ્યો હતો. જો કે વિપક્ષના વિરોધને કારણે ગૃહ એક પણ દિવસ પ્રશ્નકાળ પૂર્ણ કરી શક્યું ન હતું, તેમ છતાં ૧૨ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા, જેમાં રાજ્યસભા દ્વારા અગાઉ મંજૂર કરાયેલા બે વિધેયકોનો પણ સમાવેશ થાય છે. એન્ટી-પેપર લીક કાયદામાં સુધારો કરવા અંગેના બિલ પર ૧૦ કલાક લાંબી વિસ્તૃત ચર્ચા જોવા મળી હતી. જે એક માત્ર ખરડો હતો જેના પર બંને ગૃહોમાં ચર્ચા થઇ હતી. વંદે માતરમના અપમાનને શિક્ષાપાત્ર ગુનો બનાવવા અંગેના બિલ પર વિચારણા દરમિયાન, ભારે વિરોધ વચ્ચે પ્રતીકાત્મક ચર્ચામાં માત્ર બે જ સભ્યો બોલ્યા હતા. ફોરેન કન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) સુધારો બિલ, જે તેની કેટલીક જોગવાઈઓને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે વિવાદનો મુદ્દો બન્યું હતું, તેને બુધવારે વિસ્તૃત ચર્ચા માટે સંસદની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યું હતું.

## પહેલી વાર લોકસભા કાર્યવાહીની શરૂઆત 'વંદે માતરમ' સાથે થઈ



**નવી દિલ્હી.** ચોમાસુ સત્રના છેલ્લા દિવસે ગુરુવારે લોકસભાની કાર્યવાહીની શરૂઆત 'વંદે માતરમ્' સાથે થઈ હતી, જે સંસદના ઇતિહાસમાં પ્રથમ ઘટના છે. આ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને સમગ્ર ગૃહ ઉપસ્થિત હતું. રાષ્ટ્રીય ગીતની છ કડીઓ વગાડવામાં આવ્યા બાદ નીચલા ગૃહની કાર્યવાહીને અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવી હતી, જેની સાથે જ સત્ર પૂર્ણ થયું હતું. દરમિયાન, રાજ્યસભાની કાર્યવાહી પણ રાષ્ટ્રીય ગીત સાથે અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવી હતી. આ ઘટનાક્રમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા 'વંદે માતરમ્'ને કાનૂની સંરક્ષણ આપતા વિધેયક/કાયદાને મંજૂરી આપ્યાના થોડા દિવસો બાદ સામે આવ્યો છે. આ કાયદા હેઠળ રાષ્ટ્રીય ગીત ગાવામાં ઇરાદાપૂર્વક ખલેલ પહોંચાડવી કે તેને રોકવાને સજાપાત્ર ગુનો બને છે, જેનાથી તેને રાષ્ટ્રગાન જેવો જ સમાન કાનૂની દરજ્જો મળી ગયો છે. સરકારે અગાઉ સત્તાવાર કાર્યક્રમોમાં આ ગીત ગાવા અંગેના નિયમો પણ બહાર પાડ્યા હતા.

## લોકસભા માત્ર ૧૫ ટકા સમય કામ કરી શકી, પ્રશ્નકાળ માત્ર એક ટકા ચાલ્યો!

વિપક્ષના વિરોધ અને વિક્ષેપ વચ્ચે, નીચલું ગૃહ તેના નિર્ધારિત સમયના માત્ર ૧૫ ટકા સમય માટે જ કામ કરી શક્યું હતું. લેજિસ્લેટિવ થિંક ટેન્ક પીઆરએસ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, વિક્ષેપોની અસર પ્રશ્નકાળ પર ઘણી પડી હતી, જે લોકસભામાં તેના નિર્ધારિત સમયના માત્ર એક ટકા(૯ મિનિટ) જ ચાલી શક્યો હતો.




■ નવી દિલ્હી સ્થિત સંસદ ભવનના મકર દ્વાર બહાર ગુરુવારે શાસક પક્ષ NDA અને વિપક્ષી 'INDIA' બ્લોકના સાંસદો ફરી સામસામે આવી ગયા હતા ને ભારે વિરોધ પ્રદર્શન કર્યું. સ્થિતિને વણસતી અટકાવવા અને ઘર્ષણ ટાળવા માટે સુરક્ષા જવાનોએ બંને જૂથો વચ્ચે સુરક્ષા કવચ (સાંકળ) બનાવવું પડ્યું હતું.

## દિલ્હી ડાયરી

### રાજ્યસભામાં રામદાસ આઠવલેનો કાવ્યાત્મક અંદાજ

બુધવારે રાજ્યસભામાં કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાના બિલ પરની ચર્ચામાં જોડાતાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ આ વિષય પર બોલવાનું શરૂ કરવા માટે પોતાની હંમેશાંની કાવ્યાત્મક શૈલી અપનાવી હતી. ખુદ રચેલી કાવ્યપંક્તિઓ શીઘ્ર રજૂ કરવાના શોખ માટે જાણીતા (ભલે, તે બૌદ્ધિક કે શૈક્ષણિક સ્તરની ન હોય), બિલ પર બોલવાનું શરૂ કરતી વખતે તેમણે પોતાની સામાન્ય શૈલી અને શબ્દપ્રયોગમાં એક શાયરી રજૂ કરી હતી. મહારાષ્ટ્રના હોવાને કારણે તેમની રજૂઆતમાં મરાઠી લહેકો સ્પષ્ટપણે જોવા મળે છે. તેમણે આ પંક્તિ સાથે શરૂઆત કરી: "મોદીજી ઓર અમિત શાહજી મેં હૈ દમ, ઇસલિયે ઉનકે સાથ હૈ હમ." આ તેમની પાર્ટી 'રિપબ્લિકન પાર્ટી ઓફ ઇન્ડિયા' ભાજપ પ્રેરિત નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)ની સહયોગી હોવાના સંદર્ભમાં હતું. ઇન્ડિયા બ્લોકના વોકઆઉટને કારણે લગભગ ખાલી પડેલી વિપક્ષી બેંચ તરફ જોઈને આઠવલેએ ટિપ્પણી કરી હતી કે, ડીએમકે અને આમ આદમી પાર્ટી "અમારી સાથે" છે. કારણ કે,

...અનુસંધાન પાના 11 પર

### તા. ૧૩-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૪૪ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 30.૮ સે. | ૨૫.0 સે. | ૮૨% |

# બાંગ્લાદેશમાં વીજ સંકટ: ભારતની મદદ માગી

**પાવરની** સખત તંગીને કારણે શોપિંગ મોલ્સ, દુકાનો,બજારો વગેરે રાત્રે ૮ વાગ્યા સુધીમાં બંધ કરી દેવા આદેશ

**ગ્રામ્ય** વિસ્તારોમાં ૮થી ૧૦ કલાકના વીજ કાપ: કેટલાક સ્થળે પાવર સ્ટેશનો પર હુમલા વીજ સંકટ ઉકેલવા ભારત પાસે વધારાના ડીઝલની માગ



**ઢાકા, તા. 13 :** બાંગ્લાદેશ અત્યાર સુધીના સૌથી ગંભીર ઊર્જા સંકટોમાંથી એકનો સામનો કરી રહ્યું છે, જેના કારણે દેશના કેટલાક ભાગોમાં ઘણા વીજ કાપ સર્જાઇ રહ્યા છે. સ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે સરકારે વીજળી બચાવવા માટે શોપિંગ મોલ્સ, દુકાનો અને બજારોને રાત્રે ૮ વાગ્યા સુધીમાં બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ વણસતી વીજ કટોકટીના કારણે વેપારીઓ, ખેડૂતો અને ઉદ્યોગો પણ પ્રભાવિત થયા છે. આ સંકટમાંથી બહાર આવવા માટે બાંગ્લાદેશ ભારત તરફ વળ્યું છે અને વધારાના ડીઝલ પુરવઠાની માગ કરી છે.

રાજધાની ઢાકા બહારના ગ્રામીણ વિસ્તારોમાં પાવર કટોકટી ખાસ કરીને વધુ અનુભવાઈ રહી છે, જ્યાં સ્થાનિક અહેવાલો અનુસાર ૮ થી ૧૦ કલાક સુધીનો વીજકાપ થઈ રહ્યો છે. અસહ્ય ગરમી અને ચાલી રહેલી હીટવેવે આ મુશ્કેલીઓમાં ઓર વધારો કર્યો છે. પરિસ્થિતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જ્યારે વીજળીની માંગ આશરે ૧૮,૦૦૦ મેગાવોટ(MW)ની આસપાસ છે, ત્યારે પુરવઠો માંડ ૧૩,૦૦૦ મેગાવોટ સુધી પહોંચી શક્યો છે.

'ઢાકા ટ્રિબ્યુન'ના એક અહેવાલ અનુસાર, છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા અતિશય લોડ-શેડિંગથી પરેશાન થઈને ગુસ્સે ભરાયેલા

...અનુસંધાન પાના 15 પર

# અકાલી નેતા સુખબીર સિંહ બાદલ પર મહારાષ્ટ્રના નાંદેડમાં કિરપાણથી હુમલો

**નાંદેડમાં** ગુરુદ્વારામાં દર્શને ગયા હતા ત્યારે એક નિહંગે હુમલો કર્યો, હુમલાખોરની ધરપકડ

**બાદલને** જમણા હાથ પર બે-ત્રણ ટાંકા આવ્યા, બચાવનો પ્રયાસ કરનાર પોલીસ અધિકારીને પણ ઇજા



**નાંદેડ, તા. 13 (PTI):** શિરોમણી અકાલી દળના પ્રમુખ અને પંજાબના પૂર્વ ઉપમુખ્યમંત્રી સુખબીર સિંહ બાદલ ગુરુવારે મહારાષ્ટ્રના નાંદેડ સ્થિત એક ગુરુદ્વારામાં તેમના પર કિરપાણથી થયેલા હુમલામાં ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

નાંદેડના એસપી નીલભ રોહને જણાવ્યું હતું કે, એક નિહંગ(શીખ લડાયક પંથના સભ્ય)એ ગુરુદ્વારાની અંદર બાદલ પર કિરપાણ વડે હુમલો કર્યો હતો. હુમલાખોરની ધરપકડ કરવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, બાદલને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમના જમણા હાથ પર બેથી ત્રણ ટાંકા આવ્યા છે અને તેઓ ખતરાથી બહાર છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, સ્પેશિયલ પ્રોટેક્શન યુનિટના સભ્ય એવા પોલીસ અધિકારી સંતોષ કેન્દ્રેને બાદલનું રક્ષણ કરવાનો પ્રયાસ કરતી વખતે ઈજા થઈ હતી. બાદલને ઝેડ

...અનુસંધાન પાના 15 પર

# મહારાષ્ટ્રમાં ટેક્સી-ઓટો ડ્રાઈવરો માટે મરાઠી ફરજિયાત

**દરેક** ટેક્સી અને ઓટો-રિક્ષા ચાલકને માટે તે સામાન્ય વાતચીત કરી શકે તેટલું મરાઠી ભાષાનું જ્ઞાન હોવું જરૂરી બનશે

**આ નિયમનું** પાલન નહીં કરનાર ડ્રાઇવરનું લાયસન્સ સસ્પેન્ડ થશે, લાંબા સમય સુધી પાલન નહીં થાય તો રદ પણ થઇ શકે

**મુંબઈ, 13 (PTI):** મહારાષ્ટ્ર સરકારે ટેક્સી અને ઓટો-રિક્ષા ચાલકો માટે મરાઠી ભાષાનું કાર્યાત્મક જ્ઞાન ફરજિયાત કરવા માટે કાયદામાં સુધારો કરવાની દરખાસ્ત કરી છે, અને આ નિયમનું પાલન ન કરવા બદલ તેમના ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ અથવા રદ પણ થઈ શકે છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

માટે મહારાષ્ટ્રના પરિવહન વિભાગે એક જાહેરનામુ બહાર પાડ્યું છે. મહારાષ્ટ્ર મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ માં પ્રસ્તાવિત સુધારાઓ હેઠળ, ઈલેક્ટ્રોનિક મીટરવાળી મોટર કેબ(ટેક્સી)ના ડ્રાઈવર પાસે મરાઠી ભાષાનું કાર્યાત્મક જ્ઞાન હોવું જરૂરી રહેશે. રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટ નોટિફિકેશન અનુસાર આ માહિતી સામે આવી છે, જેની એક નકલ બુધવારે સરનાઈકની ઓફિસ દ્વારા મીડિયાને આપવામાં આવી હતી. સરનાઈકે જણાવ્યું હતું કે, મુસાફરો સાથે વાતચીત કરવા, તેમની વાત સમજવા અને સુરક્ષિત તેમજ સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક ભાષાનું કાર્યાત્મક જ્ઞાન જરૂરી છે. આનાથી ભવિષ્યમાં આ નિયમોનો વધુ અસરકારક અમલ થઈ શકશે. ડ્રાફ્ટ નોટિફિકેશન અનુસાર, જો કોઈ ડ્રાઈવર પાસે મરાઠીનું જરૂરી કાર્યાત્મક જ્ઞાન ઓછું માલૂમ પડશે, તો લાયસન્સિંગ ઓથોરિટી તેને મરાઠી ભાષાનું જરૂરી જ્ઞાન મેળવવા માટે એક મહિનાનો સમય આપતી નોટિસ ફટકારશે. તે સમયગાળામાં પણ જો તે મરાઠી નહીં શીખશે તો લાયસન્સ સસ્પેન્ડ થઇ શકે છે. અને આ નિયમનું ઉલ્લંઘન સતત ચાલુ રહેશે તો લાયસન્સ રદ પણ થઇ શકે છે.

...અનુસંધાન પાના 15 પર

# POKમાં ચૂંટણી ફરજ પર તૈનાત આઠ પોલીસોનું અપહરણ

**હાઇવે** પોલીસના આ આઠ કર્મચારીઓનું અપહરણ JAACએ કર્યું હોવાનો POK પોલીસનો દાવો

**કરાચી, તા. 13 :** કરાચી સ્થિત દૈનિક અખબાર 'ડૉન'ના અહેવાલ મુજબ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(POK)ની પોલીસે ગુરુવારે દાવો કર્યો છે કે ચૂંટણી ફરજ પર તૈનાત નેશનલ હાઈવે એન્ડ મોટરવે પોલીસના ઓછામાં ઓછા આઠ કર્મચારીઓનું 'જોઈન્ટ અવામી એક્શન કોન્ફરન્સ' (JAAC) દ્વારા "અપહરણ" કરવામાં આવ્યું છે. POK પોલીસના પ્રવક્તા ખાવર શૌકતે એક ટેલિવિઝન પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું કે, ઈસ્લામાબાદ દ્વારા જે સંગઠનને આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું છે તે JAAC એ સુરક્ષાકર્મીઓ જ્યારે ચૂંટણી ફરજ પર હતા ત્યારે તેમના પર હુમલો કર્યો અને કેટલાક વ્યક્તિઓનું અપહરણ કરી લીધું, તેમ ડૉન દ્વારા અહેવાલ આપવામાં આવ્યો છે. JAAC કાશ્મીરના "શરણાર્થીઓ" માટે POKની કથિત વિધાનસભામાં અનામત રાખવામાં આવેલી ૧૨ બેઠકો નાબૂદ કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કરી રહ્યું છે, જેના કારણે જૂન મહિનાથી આ ગેરકાયદેસર રીતે કબજા હેઠળના ક્ષેત્રના મોટા ભાગો ઠપ્પ થઈ ગયા છે. ઈસ્લામાબાદે આ ગેરકાયદેસર રીતે કબજા હેઠળના વિસ્તારમાં પ્રદર્શનકારીઓ પર ક્રૂર દમન શરૂ કર્યું છે, જેમાં પોલીસ, રેન્જર્સ અને પાકિસ્તાન આર્મીની ટુકડીઓ સહિત મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૯૦ લોકો માર્યા ગયા છે. આ અથડામણો આ પ્રદેશની ધારાસભાની ચાલી રહેલી ચૂંટણીઓ વચ્ચે થઈ છે, જેને ભારતના વિદેશ મંત્રાલયે સંપૂર્ણપણે નાટકરૂપ ગણાવી છે.